# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 6-11-2024 Evening : 7.50 to 8.00

Day : Wednesday National News

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

*******************************************************************

1) કેન્દ્રીય મંત્રીમંડળે તેજસ્વી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપી
2) કેન્દ્ર સરકારે ભારતીય ખાદ્ય નિગમ માટે 10 હજાર 700 કરોડ રૂપિયાના ઇક્વિટીના રોકાણને મંજૂરી આપી
3) દિલ્હીમાં યમુના નદીના કિનારે છઠપૂજાની મંજૂરી માંગતી જાહેર હિતની અરજીને દિલ્હી વડી અદાલતે ફગાવી
4) ઉત્તરાખંડમાં પાણી પૂરવઠા સહિત શહેરી સેવાઓને વધારવા કેન્દ્ર સરકાર અને એશિયન વિકાસ બેન્કે 20 લાખ ડૉલરના ધિરાણના કરાર કર્યા.
5) જળ વ્યવસ્થાપન અંગે જાગૃતિ વધારવાના નીતિ આયોગના જળ ઉત્સવનો આજથી પ્રારંભ થયો.
6) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ પદની ચૂંટણી જીત્યા બાદ ડૉનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, ‘આગામી 4 વર્ષ અમેરિકા માટે સુવર્ણકાળ’

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## CABINET DECISION

કેન્દ્રીય મંત્રીમંડળે તેજસ્વી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપી દીધી છે. મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે આજે નવી દિલ્હીમાં માધ્યમોને માહિતી આપતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, ‘વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે કોઈ પણ પ્રકારની જામીનગીરી વિના ધિરાણ મેળવવા માટે પાત્ર બનશે.’ શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે, ‘નાણાકીય સમસ્યાઓના કારણે દેશનો કોઈ પણ યુવાન ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.’

(બાઇટ- અશ્વિની વૈષ્ણવ-વિદ્યાલક્ષ્મી યોજના)

આ યોજના મુજબ, સાડા સાત લાખ રૂપિયા સુધીના ધિરાણની રકમને સરકાર દ્વારા 75 ટકા ગેરંટી આપવામાં આવશે, જેથી બેંકોને કવરેજ વધારવામાં મદદ મળે. આઠ લાખ રૂપિયા સુધીની વાર્ષિક કૌટુંબિક આવક ધરાવતા વિદ્યાર્થીઓ માટે દેવા મોકૂફીની મુદતના સમયગાળા દરમિયાન 10 લાખ રૂપિયા સુધીના ધિરાણ માટે ત્રણ ટકા વ્યાજ આર્થિક સહાય પણ અપાશે. આ યોજનાથી સાત લાખ વિદ્યાર્થીઓને લાભ થવાની આશા છે. તેમજ યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓ એજ્યુકેશન લોન માટે યુનિફાઇડ પોર્ટલ પીએમ વિદ્યાલક્ષ્મી પર અરજી કરી શકે છે.

## CABINET DECISION FCI

કેન્દ્ર સરકારે F.C.I. એટલે કે, ભારતીય ખાદ્ય નિગમ માટે 10 હજાર 700 કરોડ રૂપિયાના ઇક્વિટીના રોકાણને મંજૂરી આપી છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં કહ્યું કે, ‘આ ભારતીય ખાદ્ય નિગમની સંચાલન સેવાઓને પ્રોત્સાહન આપવાની દિશામાં મહત્વનું પગલું છે.’

આ રોકાણથી સરકારપર વ્યાજ અને સબસિડી એટલે કે, નાણાકીય મદદનું ભારણ ઘટશે. ભારતીય ખાદ્ય નિગમ ન્યૂનતમ ટેકાના ભાવ પર અનાજની ખરીદી,

સંગ્રહ અને બજારમાં ખાદ્ય ઉત્પાદનોના સ્થિર ભાવ જાળવીને ખાદ્ય સુરક્ષામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

(ઑડિયોઃ અશ્વિની વૈષ્ણવ- **FCI**)

## NAGPUR RAHUL GANDHI

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'સંવિધાન માત્ર એકપુસ્તક નહીં, પરંતુ જીવન જીવવાની રીત અને દર્શન છે.' નાગપુરમાં આજે સંવિધાન સન્માન સંમેલનને સંબોધતા શ્રી ગાંધીએ સંવિધાનના મુખ્યનિર્માતા ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે,શ્રી આંબેડકરે વંચિતો સહિત સમાજના દરેક વર્ગની અપેક્ષાઓને ધ્યાનમાં રાખી સંવિધાનનો મુસદ્દો તૈયાર કર્યો હતો.'

આ પહેલા શ્રી ગાંધીએ નાગપુરમાં દીક્ષાભૂમિની મુલાકાત લીધી અને સ્તૂપની અંદર બાબાસાહેબ આંબેડકરના કેન્દ્રીય સ્મારક પરશ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## DELHI BJP

ભાજપે દિલ્હી સરકાર પર યમુના નદીની સફાઈના નામે ભ્રષ્ટાચાર કરવાનો આક્ષેપ કર્યો છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ વિરેન્દ્ર સચદેવાએ કહ્યું કે, 'દિલ્હી સરકારે યમુનાને સાફ કરવાનાનામે આઠ હજાર 500 કરોડ રૂપિયાનું કૌભાંડ કર્યું છે.' તેમણે દિલ્હી સરકાર પર પ્રદૂષણને રોકવામાં બેદરકારીનો આક્ષેપ લગાવતા કહ્યું કે,'સરકારે લોકોના હિતમાં કામ કરવાની જગ્યાએ ભ્રષ્ટાચાર વધારો છે. છઠ મહાપર્વ પરદિલ્હી સરકારે યમુનાની સફાઈ માટે યોગ્ય પગલાં નથી ઊઠાવ્યા.'

શ્રી સચદેવાએ કહ્યું કે, 'યમુનામાં ઝેરી ફીણની સમસ્યા અંગે સરકાર ગંભીર નથી.'

## HC DELHI CHHATH

દિલ્હી વડી અદાલતે આજે યમુના નદીના કિનારે છઠ પૂજાની વિધિ કરવાની પરવાનગી માંગતી જાહેર હિતની અરજીને ફગાવી દીધી હતી. મીડિયા અહેવાલો મુજબ, આ અરજીમાં યમુના નદીના કિનારે છઠના તહેવારો પર જાહેર પ્રતિબંધને પડકાર્યો હતો, અરજદાર પૂર્વાંચલ નવનિર્માણ સંસ્થાએ જણાવ્યું હતું કે કોવિડ-19 રોગચાળા દરમિયાન પહેલી વાર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો અને હવે ફરીથી તેને લાદવામાં આવ્યો છે.

જો કે, દિલ્હી વડી અદાલતે પ્રતિબંધને રદ કરવાનો ઇનકાર કર્યો હતો અને યમુના નદીના ગંભીર પ્રદૂષણ, ઝેરી ફીણના મુદ્દાઓને ટાંક્યા હતા. અહેવાલ મુજબ, દિલ્હી સરકારના વકીલે અદાલતને જણાવ્યું કે લોકો માટે અન્ય સ્થળોએ ધાર્મિક વિધિ કરવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે.

## UTTARAKHAND ADB MoU

કેન્દ્ર સરકાર અને એશિયન વિકાસ બેન્કે આજે ઉત્તરાખંડમાં પાણી પૂરવઠા, સ્વચ્છતા અને શહેરી સેવાઓને વધુ સારી બનાવવામાં સહાય માટે 20 લાખ ડૉલરના ધિરાણના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે આર્થિક બાબતોનાવિભાગનાં સંયુક્ત સચિવ જૂહી મુખરજીએ કહ્યું કે, ‘આ પ્રૉજેક્ટ કેન્દ્ર સરકારના શહેરી વિકાસના મુસદ્દાની સાથે સાથે ઉત્તરાખંડ સરકારની શહેરીસેવાઓને પ્રોત્સાહન આપવાની પહેલના ભાગરૂપે છે.’

આ પ્રૉજેક્ટનો ઉદ્દેશ શહેરોમાં જનજીવનને વધુસારું બનાવવા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવાનો છે. બેન્કમાં ભારત નિવાસી અભિયાનના નિદેશક મિયો ઑકાએ કહ્યું કે, આ પ્રૉજેક્ટનો ઉદ્દેશ શહેરી માળખું બનાવવાનો છે. આ માળખું આબોહવા અને પર્યાવરણીય જોખમો પ્રત્યે પરિવર્તનશીલ છે. આનાથી લોકોની સુરક્ષાઅને આરોગ્ય સુનિશ્ચિત થઈ શકશે. તેમજ આ પ્રૉજેક્ટ હલ્દવાનીમાં પરિવહન,

શહેરીગતિશીલતા, પૂર વ્યવસ્થાપન અને દરેક જાહેર સેવાઓને વધારશે. આનાથી ઉત્તરાખંડના ચાર શહેરના પાણી પૂરવઠામાં પરિવર્તન આવશે.

## PREZ CHHATH PUJA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ છઠપૂજા મહોત્સવ નિમિત્તે લોકોને શુભેચ્છા પાઠવી છે. એક સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યુંકે, ‘સૂર્યનું પૂજન કરવાનો આ છઠ પૂજામહોત્સવ એ દેશના સૌથી જૂના તહેવારોમાંનો એક તહેવાર છે.’

રાષ્ટ્રપતિશ્રીએ ઉમેર્યું કે, આ તહેવાર નદીઓ અને તળાવોનું સન્માન કરે છે, કુદરતની અનોખી ભેટ આપે છે અને સખત ઉપવાસ દ્વારા મન અને આત્માને પણ શુદ્ધ કરે છે. સુશ્રી મુર્મૂએ કહ્યું કે, આ તહેવાર લોકોને પર્યાવરણની સુરક્ષા માટે પ્રેરિત કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## NITI AAYOG JAL UTSAV

નીતિ આયોગે જળ વ્યવસ્થાપન,સંરક્ષણ અને ટકાઉ પ્રાપ્યતા સુનિશ્ચિત કરવા અંગે જાગૃતિ વધારવા માટે આજથી 15 દિવસના જળ ઉત્સવનો પ્રારંભ કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગત વર્ષે ડિસેમ્બર મહિનામાં યોજાયેલા મુખ્ય સચિવોના સંમેલન દરમિયાન નદી ઉત્સવને ધ્યાનમાં રાખી જળઉત્સવ મનાવવાનો વિચાર રજૂ કર્યો હતો.

નીતિ આયોગે જણાવ્યું કે, જળ ઉત્સવઆજથી 24 નવેમ્બર સુધી 20 મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને વહીવટી એકમોમાં મનાવવામાં આવી રહ્યો છે. તેનું આયોજન જળશક્તિ મંત્રાલયના રાષ્ટ્રીય જળજીવન અભિયાન, પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ દ્વારા કરાયું છે. આ પખવાડિયા દરમિયાન પ્રતિષ્ઠિત વ્યક્તિ અનેસ્થાનિક નેતાઓ દ્વારા જળ બંધન સંકલ્પ શરૂ કરાશે. તેઓ જળ સંશાધનોની માહિતી પૂરી પાડશે

## US PREZ TRUMP

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ પદની ચૂંટણી જીતનારા રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ડૉનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, આગામી ચાર વર્ષ અમેરિકા માટે સુવર્ણ કાળ હશે. અમેરિકાની ખાનગી સમાચાર સંસ્થાના અહેવાલ અનુસાર, રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ડૉનાલ્ડ ટ્રમ્પનો વિજય થયો છે. આ જીત બાદ ફ્લૉરિડામાં સંબોધન કરતા ડૉનાલ્ડ ટ્રમ્પે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રી ટ્રમ્પે પોતાની જીતને ઐતિહાસિક ગણાવતા કહ્યું કે, ‘આ જીત અમેરિકાને મહાન બનાવે છે.’ દરમિયાન તેમણે અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી બંધ કરવાની પણ વાત કરી હતી. તેઓ અમેરિકાના ભવિષ્ય માટે કામ કરશે તેવું પણ શ્રી ટ્રમ્પે સંબોધનમાં ઉમેર્યું હતું.

શ્રી ટ્રમ્પે સરહદોની રક્ષા કરવાની પણ વાત કહી હતી. સ્વિંગ રાજ્યોમાંથી પણ સમર્થન મળતાં શ્રી ટ્રમ્પે લોકોનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે, ‘હું તમારા અને તમારા પરિવાર માટે છેલ્લી ક્ષણ સુધી લડીશ.’

ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ડૉનાલ્ડ ટ્રમ્પે 277 ઇલેક્ટૉરલ કૉલેજ મત મેળવી પ્રમુખપદની ચૂંટણીમાં વિજય મેળવ્યો છે. ડૉનાલ્ડ ટ્રમ્પે ડેમોક્રેટિક પક્ષનાં ઉમેદવાર કમલા હેરિસને ચૂંટણીમાં હરાવી દીધા છે. રાષ્ટ્રપ્રમુખ પદના ઉમેદવારને જીતવા માટે 270 મતની જરૂર હોય છે.

# PM TRUMP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં જીત બદલ શ્રી ડૉનાલ્ડ ટ્રમ્પને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ લખ્યું કે, તેઓ ભારત–અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત કરવામાં સહયોગ આપવા ઉત્સુક છે. શ્રીમોદીએ વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા અને બંને દેશના લોકોના હિતમાં સાથે મળીને કામ કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.